
# 6. ભીખુ

તાસ-1

## લેખક પરિચય :



| | |
|---|---|
| લેખક | : ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ' |
| જન્મસ્થળ | : વીરપુર, તા. ગોંડલ, જિ. રાજકોટ |
| જન્મ | : ઈ.સ. 1892 |
| મૃત્યુ | : ઈ.સ. 1965 |

- બાળદોસ્તો,ભીખુ પાઠના લેખક છે-ધૂમકેતુ. તેમનું મૂળનામ છે-ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી.
- તેમનો જન્મ ગોંડલ તાલુકાના વીરપુર ગામમાં ઈ.સ. 1892ના વર્ષમાં થયો.
- તેઓનું મૃત્યુ ઈ.સ. 1965માં થયું હતું.
- ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાના ક્ષેત્રે ધૂમકેતુનું પ્રદાન વિશેષ જાણીતું છે.
- તેમણે 'તણખામંડળ'ના ચાર ભાગ લખ્યા છે.
- 'પોસ્ટ ઑફિસ', 'ભૈયાદાદા', 'રજપૂતાણી', 'એક ટૂંકી મુસાફરી', 'જીવનનું પ્રભાત', 'પૃથ્વી અને સ્વર્ગ', 'હૃદયપલટો', 'આત્માનાં આંસુ' વગેરે તેમની પ્રખ્યાત ટૂંકીવાર્તાઓ છે.

## પાઠનું શ્રવણ અને વાંચન :

સાંજના સાત થવા આવ્યા હતા, અને ઊંચે ચડેલા મિલના ધુમાડા નીચે ઊતરીને વીજળીની રોશનીને ઝાંખી કરી રહ્યા હતા. મોટર, ગાડી, સાઇકલ અને માણસોના ઠઠારાથી બજાર ભરચક હતું, અકસ્માતથી બચવા માટે હું ફૂટપાથ પર ચાલતો હતો.

'એક કંગાલ પર ઈતની રહમ કરો !'

દર્દથી બોલાયેલા શબ્દોએ પગને આગળ જતાં થંભાવ્યા, પાછા ફરીને જોયું તો હું ત્રણ દરવાજા પાસે ઊભો હતો. ફરી એ જ શબ્દો સંભળાયા. મેં ડોકું જરાક ખેંચ્યું, તો દરવાજા વચ્ચેની સાંકડી કમાનમાં એક અત્યંત કંગાળ સ્ત્રી બેઠી હતી. એટલી વારમાં તો મને રસ્તા વચ્ચે ઊભેલો જોઈને કેટલાક માણસો ધક્કા મારીને આગળ ચાલ્યા ગયા હતા.

એવામાં વચ્ચેના સરિયામ માર્ગ પર એક નાના છોકરાને રસ્તો ઓળંગતાં, મોટરના મોંમાં- મૃત્યુના મુખમાં જતો જોઈ મારી રાડ ફાટી ગઈ ! સહજ જ એ તરફ હું દોડ્યો, પણ તે પહેલાં તો શોફરે અત્યંત ચાલાકીથી છોકરાને ઉગારી લીધો, ને તેની મા આગળ વધીને હાંફળીફાંફળી દોડતી હતી તેના તરફ એક ઠપકાભરી નજર નાખી હૉર્ન વગાડી મોટર આગળ ચલાવી મૂકી. હું પાછો હઠ્યો, ત્યાં એક જણા સાથે ભટકાયો; "માફ કરજો માસ્તર" કહીને એક જણો ભટકાતો ચાલ્યો ગયો; ને એટલામાં તો પેલી કંગાળ સ્ત્રીના એનાએ શબ્દો ત્રીજી વખત સંભળાયા : 'એક કંગાલ પર ઈતની રહમ કરો !'

એ સ્ત્રી બેઠી હતી તે ખૂણામાં અંધારામાં મેં નજર ફેરવી. તેના પગ પાસે ઉઘાડે શરીરે ત્રણ છોકરાં સૂતાં હતાં, ને તેના ખોળામાં એક નાનું બચ્ચું દયામણું મોં રાખીને, આવનાર-જનારની સામે જોયા કરતું હતું. બાઈ અશક્ત હતી ને ગરીબી તેના પર અસહ્ય જુલમ કરી રહી હતી. ઊંડા ખાડા જેવી આંખોમાંથી તેજ પરવારી રહ્યું હતું. પોતે છોકરાં માટે જ જીવનદોરી લંબાવતી હોય એમ તેના મોં પરથી દેખાતું હતું. મારો હાથ એકદમ કોટના ખીસામાં પડ્યો. એ ખીસાએ બે કલાક પહેલાં જ કલદાર રાણીછાપના રૂપિયા સાથે ભદ્રમાંથી શહેર તરફ મુસાફરી કરી હતી, પણ અત્યારે તે ભોઠો પડ્યો. માત્ર ત્રણ પૈસા જ હાથે ચડ્યા ! નવ આના સિનેમાએ ને રોકડા સવા છ આને હૉટલે ઉપાડી લીધા હતા ! 'સાધારણ માણસોના

આવા તદ્દન સામાન્ય વિલાસમાંથી પણ ઘણા જણ પોષી શકાય તેમ છે, ‘એ પસાર થઈ જતા વિચારની સાથે હાથ ખીસામાંથી બહાર આવ્યો. ત્રણ પૈસા પેલી બાઈના હાથમાં પડ્યા ને પૈસાના ખખડાટથી જાગેલું એક છોકરું મને ફરી સતાવે તે પહેલાં જ હું દૂર થઈ ગયો. પણ અનાયાસે જ છોકરાના શબ્દો કાન પર પડ્યા : “મા ! કાંઈ ખાવાનું છે ? શું છે લાવ, જોઉં !"

“ખાવાનું તો ભાઈ લાવે ત્યારે... પણ એ ગયો ક્યાં ? ક્યારનો ગયો છે !”

પાછળથી લારીવાળાનો ‘હટો ભાઈ, હટો’નો અવાજ આવતાં હું એક તરફ ખસ્યો, ને શિંગોડાવાળાના એક જ જાતના સ્વરોની વચ્ચે થઈ પગથી પર ચડી ગયો.

ફૂલોની છાબડીઓ પર, નાળિયેર પર, સાબુ પર, ગોળ પર - એમ અનેક પદાર્થો પર ફરતી દૃષ્ટિ સામેના રસ્તા પર મીઠાઈની બે દુકાનો છે તેની આગળ જામેલી લોકોની ઠઠ તરફ ખેંચાઈ. કાંઈક તહેવાર હતો ને બન્ને દુકાનદારોએ રોશની કરી હતી. મારાં પગલાં સહજ તે તરફ વળ્યાં.

દુકાનમાં ગોઠવેલી મીઠાઈને જોવા માટે ઘણાખરા ઊભા હતા. કેટલીક પારસી બાઈઓ મીઠાઈની ખરીદી કરતી હતી; પણ સૌથી દૂર ખૂણામાં, એક નાનો દસ-બાર વર્ષનો છોકરો, અત્યંત તૃષ્ણાથી અનિમેષ દૃષ્ટિએ મીઠાઈના થાળ તરફ – ખાસ કરીને સૌથી આગળ પડેલાં જલેબીનાં ચકચક્તિ ગૂંચળાંઓ તરફ જોઈ રહ્યો હતો. અચાનક મેં એને જોયો. ભક્તિભાવથી જાણે એની દૃષ્ટિ ત્યાં ચોંટી રહી હતી.

એના અંગ પર એકે સાજું લૂગડું ન હતું કે એના ચહેરા પર આશા, નિરાશા કે એવા કોઈ જાતના ભાવ ન હતા. હું ધીમેથી ગોળ ચકરાવો ખાઈ પેલા છોકરાની પડખે - પણ જરા દૂર અંધારામાં જઈ ઊભો ને એના પર નજર ઠેરવી. તે શાંત - લીન બનીને જલેબી નીરખી રહ્યો હતો.

એની આ સમાધિથી આકર્ષાયેલા એક જુવાને મારા તરફ જોઈને હાસ્ય કર્યું, પણ મારા તરફથી કશો જવાબ ન મળતાં તે દુકાન તરફ વળ્યો. પાશેર જલેબીનું પડીકું બંધાવ્યું ને તેમાંથી એકાદ કાઢીને ખાતોખાતો પેલા છોકરા પાસેથી પસાર થયો. અરધી આશામાં, અરધી ઘેલછામાં પેલા છોકરાએ જરાક હથેળી લંબાવી. સુગંધ લઈ શકાય એટલે નજીકથી પડીકાવાળા જુવાન સાથે જલેબીને પસાર થતી જોઈ તેનું મોં પાણીપાણી થઈ ગયું. તે પગના અંગૂઠા પર જરાક ઊભો થયો, નીચો થયો, ફરી શરીર ઊંચક્યું અને તરત જ નીચો થઈ પોતાનો ભોંઠો પડેલો હાથ તેણે પોતાના લઘરવઘર કંગાલ પહેરણમાં છુપાવી દીધો.

પાછળથી મોટરના ભૂંગળાનો અવાજ થયો; આગળથી "એઈ-આંખ પણ નથી કે શું?" એમ કોઈ પારસી બાનુની સાથે આવેલા પટાવાળાએ ધમકાવ્યો ને પેલા ઊભેલા કોઈએ "જા-જા-જા. અહીં કેમ ઊભો છે ? તારે શું લેવાનું છે ? તારે શું લેવાનું હોય ?" એમ કહી તેને ધિક્કાર્યો. બધા વેગને દાબતો હોય તેમ તે ધીમે, દૃઢ પગલે પાછો હઠ્યો, એકદમ દુકાન પરથી નજર ખેંચી લીધી, ને અત્યંત આર્ત સ્વરે ફિક્કા હાસ્ય સાથે બોલ્યો : "હા ભાઈ, સાચું ! હું સવારનો ભૂખ્યો છું, પણ મારે ભિખારીને શું લેવાનું હોય ?" તેણે જોરથી મૂઠી વાળી, અંદર ખખડેલા પૈસાનો અવાજ સ્પષ્ટ સંભળાયો. એક પણ દૃષ્ટિ પાછળ ફેંક્યા વગર તે ચાલ્યો ગયો.

આ ભિખારી એક દુકાને ઊભો રહી છ પૈસાના દાળિયા જોખાવતો હતો. અચાનક મને પેલી સ્ત્રીના શબ્દો યાદ આવ્યા. અરે ! કદાચ એ દરવાજાની સાંકડી નેળમાં સડતા કુટુંબનો આ છોકરો સ્તંભ હશે ! કદાચ શું ? એમ જ હશે. સામેની જ દુકાને નીચે બેસીને ધૂળમાં પોતાનું ચીથરું પાથરી તેમાં એ દાળિયા બાંધી રહ્યો હતો. તેણે એક મૂઠી તેમાંથી ભરી; વીજળીના પ્રકાશમાં એ મૂઠીને અધ્ધર જતી મેં જોઈ અને એને ઝડપી લેવા આતુર મોં પહોળું થતું દેખાયું.

મારી નજરે પેલા ભિખારીના મોંને બંધ થઈને નીચે આવતું જોયું. તેનું વદન કરમાઈ ગયું હતું, ને તેણે ભરેલી દાળિયાની મૂઠી એમ ને એમ ચીથરામાં પેસી જતી હતી ! ભૂખનું દુ:ખ ગળી જઈને ચીથરું વીંટાળી તે ત્રણ દરવાજા તરફ ચાલ્યો.

અને પેલી સ્ત્રી પાસે જ ગયો. પેલાં છોકરાં એને વળગી જ પડ્યાં, ને સ્ત્રીએ પોતાની ફાટેલ-તૂટેલ ગોદડી પર તેને બેસાડીને પૂછ્યું : "બેટા ! તેં કાંઈ ખાધું ?"

મારા અંગે અંગમાંથી ટાઢની ચમકારી પસાર થઈ ગઈ.

"હા, મા !" તે શાંતિથી બોલ્યો : "મેં તો બહુ દાળિયા ખાધા, ખૂબ પાણી પીધું ને પછી આવ્યો."

"અત્યાર સુધી ક્યાં રોકાણો'તો. ભાઈ ?"

"મા ! પેલી જલેબીની દુકાન છે ને, ત્યાં એક શેઠિયે મને જલેબી ખવડાવી !"

"હેં !"

"હા, મા."

"અમારો ભાગ – અમારો ભાગ," કરતાં છોકરાં કૂદી પડ્યાં. છોકરો શરમિંદો થઈ ગયો. માએ તેની સામે ઠપકાથી ને સંતોષથી જોયા કર્યું.

"બેટા ! એવું હોય તો પોતાના ભાંડરડાંને માટે થોડુંક રાખીએ ! તું તો મોટો, તારાં પાળ્યાં, આ મોટાં થાય તેમ છે. દાળિયા ક્યાંથી કાઢ્યા ?"

"બરફ સાર્યો તેના દસ પૈસા આવ્યા ને ?"

"હાં... કેટલા પૈસાના દાળિયા લાવ્યો ?"

"છ...છ...છ..." એમ બોલતાં બોલતાં તેણે છેવટે કહી નાખ્યું, "દસ."

આના જીવનને જરાક ટેકો આપ્યો હોય ! બધાને જ ભિખારી ગણી ઘણી વખત આપણે ઉદ્યોગ કરવાનો ઉપદેશ આપીએ છીએ, પણ આ છોકરાએ ભાંડુ માટે જલેબી જતી કરી, દાળિયા ન ખાધા અને ખોટું બોલ્યો. એને મદદ.....

ઉતાવળથી ખીસામાં ગયેલો હાથ પાછો ફર્યો. ધોબીનો ધોયેલ કોટ આજે જ પહેરેલો હોવાથી સાબરમતીથી થોડીક ઝીણી રેતી જ હાથ સાથે ચોંટી, મેં હૉટેલ ને સિનેમાને આજે બીજી વખત સંભાર્યાં !

છેક એમની પાસે સરીને મેં કહ્યું : "છોકરા, તારું નામ ?"

અવિશ્વાસભરી રીતે એ મારી સામે જોઈ રહ્યો. અત્યંત પ્યારથી તેનો હાથ હાથમાં લઈને મેં કહ્યું ": "છોકરા, તે જલેબી ખાધી એ તો મેં જોઈ, દાળિયા ખાધા એ પણ જોયું, પણ તારું નામ તો બોલ !"

પોતાની વાત કળાઈ ગઈ જાણીને તેણે લુચ્ચાઈમાં જરાક મોં મલકાવ્યું ને નીચું જોઈ બોલ્યો : "મારું નામ ભીખુ, સા'બ !"